દાદા ભગવાન પરિવારનું
નવેમ્બર ૨૦૨૦
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

# ઝઘડો

વર્ષ : ૧૩, અંક : ૩
સળંગ અંક : ૧૪૭
નવેમ્બર ૨૦૨૦

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

## સંપાદકીય

બાળમિત્રો,

લડાઈ-ઝઘડા કોને કહેવાય એની તો કોને ખબર નહીં હોય ? આજુબાજુ જ્યાં જોઈએ ત્યાં કોઈના ને કોઈના, નાના-મોટા ઝઘડા ચાલતા જ હોય છે! આખા દિવસમાં, આપણા પણ કોઈની ને કોઈની સાથે ઝઘડા થયા જ કરતા હોય છે! ઘણીવાર તો ખ્યાલ જ નથી આવતો અને ઝઘડો થઈ જાય છે. એવું થાય છે ને દોસ્તો ?

તો આવો, આ અંકમાં દાદાની દ્રષ્ટિએ ઝઘડા મટાડવાના અને ઝઘડાથી બચવાના ઉપાયો જોઈએ અને નક્કી કરીએ કે કોઈપણ વાતમાં ઝઘડો કરવાને બદલે સમાધાનથી જ ઉકેલ લાવીશું.

– ડીમ્પલ મહેતા

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

**પ્રશ્નકર્તા** : ફ્રેન્ડ સાથે ઝઘડો થયો હોય તો જ્યારે પણ એ સામે આવે તો એવો ભાવ થાય છે કે એને ખૂબ મારીશ પકડીને !

**પૂજ્યશ્રી** : તો તને શું લાગે છે કે માર્યા પછી એ શું કરશે ?

**પ્રશ્નકર્તા** : એ પણ મારશે.

**પૂજ્યશ્રી** : તો બંને સુખી થશો કે દુઃખી થશો ?

**પ્રશ્નકર્તા** : બંને દુઃખી થઈશું.



# જ્ઞાનીઓ કહે છે...

**પૂજ્યશ્રી** : તો આપણે શું કરવું જોઈએ ? દિવાળીમાં ફર્સ્ટ ક્લાસ મીઠાઈનું પેકેટ, ઘૂઘરા, ઘારી, ચેવડો અને મઠિયા એવું કોઈ નાનકડું પેકેટ લઈને જવાનું. "તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે, હેપ્પી દિવાળી, હેપ્પી ન્યુ યર." કહીને એને વિશ કરવાનું અને પછી એની માફી માંગવાની કે, "સોરી, મારી ભૂલ થઈ ગઈ. આપણે આજથી પાછા ફ્રેન્ડ થઈ જઈએ." કરાય કે ના કરાય ?

**પ્રશ્નકર્તા** : કરાય.

**પૂજ્યશ્રી** : કરી જોજોને ! એનેય અંદર બહુ દુઃખ થતું હોય કે મેં મારો મિત્ર ગુમાવ્યો. મારે ગુમાવવો નથી. અને આપણે થોડુંક એડજસ્ટમેન્ટ લઈ લેવાનું ! એ કોઈ દહાડો ચિડાઈ ગયો તો આપણે નહીં ચીડવવાનું. એ કામ ન કરે તો આપણે દુઃખી નહીં થવાનું. આપણે જાણવું કે એના સંજોગ બદલાયા છે. પણ હું તો એની સાથે બેસ્ટ ફ્રેન્ડશીપ જ રાખીશ.

**પ્રશ્નકર્તા** : ઠીક છે.



# આ તો નવી



આનંદમાં હોય એ વ્યક્તિ ક્યારેય ઝઘડો ન કરે. બળતી વ્યક્તિ ઝઘડો કરે.

બોલીને ઝઘડો કર્યો એટલે કે આપણે કોઈને બોલ્યા એટલે એ પણ આપણને બોલશે કે મારશે. એનું ફળ તરત મળી જશે. પણ જો મનથી ઝઘડો કર્યો, તો એનું ફળ આવતે ભવ મળશે. માટે મનથી ગુસ્સો કર્યાનું પ્રતિક્રમણ કરી લેવું.



બુદ્ધિશાળી તો એનું નામ કહેવાય કે જ્યાં જાય, ત્યાં આનંદનું વાતાવરણ કરી નાખે. આ તો ઓછી બુદ્ધિવાળા ઝઘડો કરી બેસે.




## જ વાત!

આપણે એડજસ્ટ થઇ જઇએ તો ક્યારેય કોઇની સાથે ઝઘડો જ નથી.



# હારમાં રહેલી જીત



મોઢું લટકાવીને દેવ સ્કૂલ બસમાંથી ઊતર્યો અને ઘર તરફ ચાલવા લાગ્યો. એ ગંભીર હતો.

"શું થયું બેટા, આજે કેમ મોઢું આટલું ઉતરેલું છે ?" મમ્મીએ પૂછ્યું.

"મમ્મી, આજથી વીર મારો ફ્રેન્ડ નથી. હું હંમેશા એની હેલ્પ કરું છું. આજે એણે મારી હેલ્પ કરવાની આવી તો એણે ના પાડી દીધી. તેથી મારો એની સાથે બહુ મોટો ઝઘડો થઈ ગયો." દિલમાં સળવળી રહેલી વાત દેવે મમ્મી સામે ખુલ્લી કરી.

મમ્મીએ દેવના માથે હાથ ફેરવ્યો અને એને શાંતિથી સોફા પર બેસાડ્યો, "હું થાળી પીરસીને લાવું. પછી આપણે જમીને નિરાંતે વાતો કરીએ."

રસોડામાં જઈ મમ્મીએ દેવને બૂમ પાડી, "બેટા, જલ્દી આ પકડજે તો." દેવ રસોડામાં દોડ્યો એટલે મમ્મીએ એને સળગતી દીવાસળી પકડાવી.

"આનું શું કરું ?" સળગતી દીવાસળી હાથમાં લઈ દેવે પૂછ્યું.

"કચરાપેટીમાં ફેંકી દે." મમ્મીએ કહ્યું.

દેવને નવાઈ લાગી. એણે દીવાસળીને ફૂંક મારીને હોલવી અને પછી કચરાપેટીમાં ફેંકી.

"કેમ બેટા, તેં દીવાસળીને સળગતા ભાગેથી ના પકડી અને હોલવીને કચરાપેટીમાં ફેંકી ?" મમ્મીએ પૂછ્યું.

એક સેકન્ડનો પણ વિચાર કર્યા વગર દેવે જવાબ આપ્યો, "સળગતા ભાગને અડું તો હું દાઝી જઉં ! અને સળગતી ફેંકી દઉં તો આખી કચરાપેટી બળી જાય. એટલે હોલવીને જ નંખાય ને ! તે જ તો મને આવું શીખવાડ્યું છે, મમ્મી."

"એક્ઝેટલી બેટા. ઝઘડાળું વ્યક્તિ પણ

દીવાસળીની જેમ બળતી હોય છે. અને એટલે જ એ બીજાને દઝાડી દે.''

''સાચે એવું હોય મમ્મી ?'' દેવને આશ્ચર્ય થયું.

''હા, બેટા. અને ઝઘડવાથી શું ફાયદો થાય ? કદાચ ટેમ્પરરી આપણું ધાર્યું થાય, પણ ખરેખર જોવા જઈએ તો ભયંકર નુકસાન જ થાય છે. નાના નાના ઝઘડાઓમાંથી જ આગળ વધીને મોટા મહાભારત રચાય છે !''

વીર સાથે થયેલો ઝઘડો દેવના મનમાં ભમી રહ્યો હતો. જમ્યા પછી રોજની જેમ રાત્રે એણે મમ્મીને કહ્યું, ''મમ્મી સ્ટોરી ટાઈમ.''

અને મમ્મીએ વાર્તા શરૂ કરી, ''અજયસિંહ અને વિજયસિંહ નામના બે રાજકુંવરો ખાસ મિત્ર હતા. બંને ગુરુકુળમાં અભ્યાસ કરી રહ્યા હતા. તેઓ ગુરુજી પાસે વિદ્યાભ્યાસ કરતા અને ગુરુમાતાને આશ્રમના કામકાજમાં મદદ કરતા.

એક દિવસ ગુરુમાતાએ અજયસિંહને સરોવરથી પાણી ભરી લાવવાનું અને વિજયસિંહને જંગલમાંથી લાકડા લાવવાનું કામ સોંપ્યું. વિજયસિંહને ચિત્રકારીનો ભારે શોખ હતો. એને સરોવરના કાંઠે બેસીને કુદરતી ચિત્રો બનાવવાની ખૂબ મજા આવતી. અજયસિંહને આ વાત ખબર હતી.

વિજયસિંહને નિરાશ જોઈને અજયસિંહે એને એક ઉકેલ આપ્યો, ''વિજય, તું એક કામ કર. તારી ચિત્રકારીનો સામાન લઈ લે અને મારી સાથે સરોવર ઉપર ચાલ. હું પાણી ભરીશ અને તું ચિત્રો બનાવજે.''

''તારો સુઝાવ તો સારો છે. પણ લાકડા લાવવાનું શું કરીશું?'' વિજયસિંહે પૂછ્યું.

અજયસિંહે કહ્યું, ''તું એની ચિંતા ન કર ! હું મારું કામ પતાવીને પછી તારું કામ પણ પતાવી દઈશ. તું શાંતિથી ચિત્રો બનાવ.''

વિજયસિંહ આનંદમાં આવી ગયો. બંને મિત્ર





સરોવર કાંઠે પહોંચ્યા. અજયસિંહ પોતાના કામે લાગી ગયો અને વિજયસિંહ ચિત્ર બનાવવામાં પરોવાઈ ગયો.

હવે બન્યું એવું કે અજયસિંહ પાણી ભરીને આશ્રમે પહોંચ્યો ત્યારે ગુરુમાતાએ એને રસોડાની સેવામાં લઈ લીધો. અંધારું થયું એટલે વિજયસિંહ આશ્રમે પહોંચ્યો. એણે જોયું કે એનું કામ થયું ન હતું અને અજયસિંહ ગુરુમાતાને મદદ કરાવી રહ્યો હતો. વિજયસિંહને જોઈને ગુરુમાતાએ ઠપકો આપ્યો, "આ અજયને જો. અને સોંપાયેલું કામ પૂરું કરીને એ મને બીજા કામોમાં મદદ કરાવી રહ્યો છે. અને તે સવારથી એક કામ પણ નથી પતાવ્યું."

વિજયસિંહને ખૂબ આઘાત લાગ્યો. એક તો ગુરુમાતાનો ઠપકો મળ્યો અને ઉપરથી આશ્રમના અન્ય બાળકો એને 'કામચોર' કહીને ચીડવવા લાગ્યા. એ સાંજે વિજયસિંહ અને અજયસિંહનો મોટો ઝઘડો થયો.

વિજયસિંહ અજયસિંહ પર વાવાઝોડાની જેમ વરસી પડ્યો, "મેં સ્વપ્નેય નહોતું ધાર્યું કે મારો પાક્કો મિત્ર મારી સાથે આવી રમત રમીને મને નીચો પાડશે. પોતાની સારી છાપ પાડવા માટે તેં મારી સાથે આવો વિશ્વાસઘાત કર્યો ?" ગુસ્સામાં વિજયસિંહ બહુ બોલ્યો.



વિજયસિંહની કડવી વાતો સાંભળીને અજયસિંહ પણ રોષે ભરાઈ ગયો. "તું મને આવો આક્ષેપ ના આપી શકે. મેં કોઈ વિશ્વાસઘાત નથી કર્યો. સંજોગાવશાત, હું તારું કામ ના કરી શક્યો. ગુરુમાતાને ઈન્કાર ના કરી શક્યો. તને દુભાવવાનો મારો કોઈ ઈરાદો નહોતો. મને સમજવાની કોશિશ તો કર." પણ વિજયસિંહ કશું જ સાંભળવા તૈયાર નહોતો. તે દિવસે વર્ષોની ગાઢ મિત્રતામાં મોટી તિરાડ પડી ગઈ. બંને વચ્ચેની ફ્રેન્ડશીપ તૂટી ગઈ.

ગુરુકુળનો અભ્યાસ પૂરો કરીને બંને કુંવરો પોતપોતાના રાજ્યના રાજા બન્યા.

એક દિવસ વિજયસિંહનો નાનો કુંવર સુજીતસિંહ પિતા પાસે આવ્યો અને ફરિયાદ કરવા લાગ્યો, "પિતાજી, તમે મને વચન આપ્યું હતું કે મારી વર્ષગાંઠ ઉપર મને અને મારા મિત્રોને આપ રાજ્યના પર્યટન ઉપર લઈ જશો. વર્ષગાંઠ આવી

ને ગઈ. પણ તમે વ્યસ્ત રહ્યા અને મારા મિત્રો આગળ મારું નાક કપાઈ ગયું.''

વિજયસિંહે પોતાના પુત્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ''પુત્ર, મને વચન યાદ હતું પણ રાજ્યનું અગત્યનું કામ આવી જતા, તે દિવસે હું તમને ના લઈ જઈ શક્યો. ફરીવાર લઈ જઈશું.''

પુત્ર તો રાજી થઈને ચાલ્યો ગયો, પણ ત્યાં ઉપસ્થિત રાજમાતાએ સહેજ ટકોર કરી, ''તો શું રાજાજી, સંજોગોવશાત કામ ન થયું એમાં તમારા પુત્રે તમારી સાથે ઝઘડો કરવો જોઈએ ? વર્ષો પહેલા તમારા મિત્રે એનું વચન નહોતું પાળ્યું એમાં તમે તો એમની સાથે ઝઘડી પડ્યા હતા, ખરું ને ?''

રાજમાતાના મુખે આ વાત સાંભળીને, વિજયસિંહને વર્ષો પહેલા પોતાના ખાસ મિત્ર અજયસિંહ સાથે થયેલો ઝઘડો યાદ આવી ગયો અને પોતાની ભૂલ સમજાઈ .

સહેજ પણ વિલંબ કર્યા વગર, દિલમાં અત્યંત ખેદ સાથે વિજયસિંહ પોતાના જૂના મિત્ર અજયસિંહ  સાથે સુલેહ કરવા નીકળી પડ્યો.

દેવને હાશ થઈ. ''એટલે, એ લોકો ફરી ફ્રેન્ડસ બની ગયા ?'' એણે ઉત્સુકતાથી પૂછ્યું.

મમ્મીએ વહાલથી દેવના માથે હાથ ફેરવ્યો. ''હા...એકદમ ખાસ ફ્રેન્ડસ ! એવા ખાસ કે પછી એમની વચ્ચે ક્યારેય કોઈ ઝઘડો ન થયો.''

''ક્યારેય નહીં ?'' દેવને નવાઈ લાગી.


''ના...ક્યારેય નહીં,'' મમ્મીએ હસીને કહ્યું, ''બેટા, ઝઘડામાં આપણે જીતીએ તો એ વ્યક્તિને હારી જઈએ. પણ ઝઘડામાં હારીને વ્યક્તિને જીતી જઈએ તો સોદો ખોટનો ના કહેવાય...ખરું ને ?''

થોડો વિચાર કરીને, દેવે ''હા'' પાડી.

''અને તું જ વિચાર,'' મમ્મીએ આગળ ઉમેર્યું, ''ઝઘડો વધારે અગત્યનો કે આપણો મિત્ર અને એની મિત્રતા ? તું જો તારા મિત્ર વીરની મિત્રતાની કિંમત સમજતો હોય તો એની વાત શાંતિથી સમજવાની કોશિશ કર. ઝઘડો તો કોઈ વાતનું સોલ્યુશન હોય જ ના શકે. તારે નક્કી કરવાનું છે કે તારે હારીને જીતવું છે કે જીતીને હારવું છે ?''


દેવે મનોમન પોતાનો નિર્ણય લઈ લીધો અને મમ્મીને વળગી પડ્યો.




મેગ્નેટ્સ
સ્કૂલના પહેલા દિવસે, ક્લાસરૂમની બહાર પોતાના સાયન્સ લેબ પાર્ટનરનું નામ વાંચીને આદિત્ય ચોંકી ગયો.
ઓહ નો ! જેની સાથે હું વાત પણ નથી કરતો એની સાથે આખું વર્ષ પ્રયોગો કેવી રીતે કરીશ ?
બે અઠવાડિયા પહેલા, આદિત્યને વીરના પાર્ટનર બનવાનું ખૂબ પસંદ પડત..પણ એ તો ત્યારની વાત હતી, જ્યારે એ બેઉ બેસ્ટ ફ્રેન્ડસ હતા અને પેલો ઝઘડો નહોતો થયો.
આદિત્ય ક્લાસ રૂમમાં પોતાના પાર્ટનર વીરની બાજુમાં જઈને ગોઠવાઈ ગયો. બેઉએ એક બીજાની સામે જોવાનું ટાળ્યું.
આજે આપણે મેગ્નેટ્સ પર ચર્ચા કરીશું. જાણો છો, પ્રાચીન સમયમાં જ્યારે જી.પી.એસ. નહોતા ત્યારે દિશા નક્કી કરવા શેનો ઉપયોગ થતો હતો ?




હોકાયંત્રનો... કંપાસનો.
કરેક્ટ ! પૃથ્વી હેઠળ રહેલા ચુંબકીય ધ્રુવના કારણે હોકાયંત્રની ચુંબકીય સોય ઉત્તર દક્ષિણ દિશા દર્શાવે છે.
મારે વીરને પૂછ્યા વગર એની સાયકલ નહોતી લેવી જોઈતી અને પછી વરસાદમાં બહાર નહોતી મૂકવી જોઈતી.
મેગ્નેટેસનો એક ખાસ ગુણ એ છે કે ક્યારેક તેઓ એકબીજાની પાસે ખેંચાય તો ક્યારેક દૂર ધકેલાય.
પણ શું આટલી નાની વાતમાં આટલો મોટો ઝઘડો કરવો વ્યાજબી હતો ? એકવાર એ પણ મને પૂછ્યા વગર મારું બેટ લઈ ગયો હતો અને તોડીને પાછું લાવ્યો હતો. મેં તો ઝઘડો નહોતો કર્યો.
મેં તમને સહુને એક મોટું મેગ્નેટ આપ્યું છે. એ મેગ્નેટની એક બાજુ લાલ રંગ છે અને બીજી બાજુ ભૂરો રંગ છે. તમારા મેગ્નેટની ભૂરા રંગવાળી સાઈડને તમારા પાર્ટનરના મેગ્નેટની એ જ રંગની સાઈડ સાથે મેળવવાનો પ્રયત્ન કરો.


બાળકોએ મેગ્નેટેસને પાસે લાવવાનો ખૂબ પ્રયન્ત કર્યો પણ એવું શક્ય ના બનતા બધા ખડખડાટ હસી પડ્યા.
આદિત્ય અને વીરે પણ પ્રયત્ન કર્યો. પણ ના તો એ બેઉએ એકબીજાની સામું જોયું કે ના તો એમને હસવું આવ્યું.
જો વીર સાથે આવું વર્તન રહેશે, તો આખું વર્ષ કેવી રીતે વીતશે ? શું મારે એને 'સોરી' કહેવું જોઈએ ?...ના...ના હું શું કામ સોરી કહું ?
જોયું, આ મેગ્નેટ્સ બહુ જ હઠીલા હોય. જ્યાં સુધી કોઈ એક મેગ્નેટ વળવા તૈયાર નહીં થાય, ત્યાં સુધી બંને મેગ્નેટ્સને એક બીજાની પાસે લાવવા અશક્ય છે.
હવે એક લેબ પાર્ટનર પોતાના મેગ્નેટને વાળીને એની લાલ રંગવાળી સાઈડ પોતાના પાર્ટનરના મેગ્નેટની ભૂરા રંગની સાઈડ સાથે મેળવીને જુઓ કે શું થાય છે ?



બાળકોએ એમ કર્યું અને તરત જ બંને મેગ્નેટ્સ એકબીજા સાથે ચીપકી ગયા. હવે મેગ્નેટ્સને છુટ્ટા પાડવા મુશ્કેલ હતા
હું હઠીલા મેગ્નેટ જેવું કરી રહ્યો છું. વીરની નજીક આવવાનો એકમાત્ર રસ્તો એ જ છે કે હું મેગ્નેટની જેમ વળી જાઉં અને માફી માંગી લઉં. નહીં તો અમે બંને એક બીજાથી દૂર જ રહીશું.
આઈ એમ સોરી દોસ્ત. વરસાદમાં સાયકલની બ્રેક ખરાબ થઈ ગઈ હોય તો....
ના યાર... બ્રેક સહેજ પણ ખરાબ નહોતી થઈ. આઈ એમ સોરી કે મેં તારી સાથે આટલો મોટો ઝઘડો કર્યો.
તે દિવસે જ્યારે મિસ્ટર દાસે મેગ્નેટ્સના આકર્ષણ-વિકર્ષણનું રહસ્ય સમજાવ્યું ત્યારે બંને મિત્રોને ઝઘડો મટાડવાનું રહસ્ય પણ સમજાઈ ગયું.

# ચાલો રમીએ...

## ચિત્રમાં છુપાયેલી ૧૨ વસ્તુઓ શોધો



**સરવાળાને સાચો બનાવવા માટે ફક્ત ૧ મેચસ્ટિક ખસેડી આ પઝલ હલ કરો.**




# ઐતિહાસિક ગૌરવગાથા

રામાયણ, મહાભારતના મહાયુદ્ધથી લઈને આજની દુનિયાની લડાઈઓના મૂળમાં તો મહત્વકાંક્ષાઓ જ છે. વધુ મેળવવાના કે વર્ચસ્વના ઝઘડા ઘણીવાર વેરનું વિકરાળ સ્વરૂપ લે છે. અને એવું વેર મહાવિનાશક માનવભક્ષી યુદ્ધમાં પરિણમે છે. આપણા ઈતિહાસ અને ભૂગોળ આ વાતની સાક્ષી પૂરી રહ્યા છે.

મહાન સમ્રાટ અશોકની વાત કરીએ. મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્ય અને તેમના પુત્ર બિંદુસારનો પુત્ર એટલે અશોક. બિંદુસારના મૃત્યુ પછી અશોક સમ્રાટ બનવા માંગતો હતો. તે નાનપણથી ધાર્યું પ્રાપ્ત કરવાના ઝનૂનવાળો હતો. સત્તા માટે એણે પોતાના ભાઈઓ સાથે ઝઘડા કર્યા અને એમને મારી નાખ્યા. અશોક એટલો ક્રૂર અને પાશવી પ્રકૃતિવાળો હતો કે 'ચંડાશોક' તરીકે કુખ્યાત થયેલો. મહેલના કર્મચારીઓ પણ એનાથી સસલાની જેમ ફફડતા હતા. નાના સરખા અપરાધ માટે તે સેવકોને મોતના હવાલે કરી દેતો. બેફામ રીતે શિકાર કરતો.

એણે લડાઈઓ લડી લડીને વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું હતું. તેના માટે એક જ અવરોધરૂપ રાજ્ય હતું અને એ આજનું ઓરિસ્સા અને પ્રાચીન કાળનું કલિંગ હતું. કલિંગ નંદવંશના પતન પછી સ્વતંત્ર થયું હતું. તે સમૃદ્ધ અને ગૌરવશાળી



પ્રદેશ ગણાતો હતો. ત્યાં અનંતનાથ નામે રાજા રાજ્ય કરતો હતો. અશોકના દાદા ચંદ્રગુપ્ત અને પિતા બિંદુસાર પણ કલિંગને મૌર્ય સામ્રાજ્યમાં લાવી શક્યા ન હતા.

વિશાળ લશ્કર અને ભવ્ય તૈયારીઓ સાથે અશોકની સવાર કલિંગવિજય માટે ઈ.સ. પૂર્વે ૨૬૦ના વર્ષે નીકળી. તેની સેનામાં ૬૦ હજાર પૈદલ સૈનિકો, ૧ હજારનું અશ્વદળ, સાતસો જેટલા હાથીઓનું દળ અને યુદ્ધમાં શત્રુઓમાં હાહાકાર મચાવી શકે તેવા ચુનંદા સેનાપતિઓ હતા. અશોક અને કલિંગ રાજ્ય વચ્ચે મહાનદી અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમાં સંઘર્ષ થવાનો હતો. સ્વતંત્રતા પ્રેમી કલિંગની દરેક વ્યક્તિ અશોકનો સામનો કરવા સજ્જ હતી. પણ સામે અશોકની વિશાળ સેના અને વ્યૂહરચનાઓ પણ જબ્બર હતી.

ગણતરીના કલાકોમાં કલિંગની સેના અને તેમનો આઝાદીનો જુસ્સો વેરવિખેર થઈ ગયો. યુદ્ધ મેદાનમાં લોહીની નદીઓ વહી. કલિંગના યુદ્ધમાં અંદાજે એક લાખથી વધુ સૈનિકો અને હજારો સામાન્ય નાગરિકો માર્યા ગયા. લાખો ઘાયલ થયા. દોઢ લાખ સૈનિકોને યુદ્ધ કેદી તરીકે પકડવામાં આવ્યા. ચોતરફ રોકકળ અને શોકનું વાતાવરણ બની ગયું.

યુદ્ધમાં વિજય પછી રાજાઓ પોતાના ભવ્ય વિજયને નિહાળવા યુદ્ધ મેદાનમાં આવતા હોય છે. તેમ અશોક પણ પોતાના સપનાના વિજયને પ્રત્યક્ષ જોવા રણમેદાનમાં ગયો.

પણ આ શું ? યુદ્ધ મેદાનની સ્થિતિ જોતાં જ તેનો આનંદ શોકમાં સરી પડ્યો. કારણકે ડગલે ને પગલે તેને કપાયેલા અંગો, ઉપાંગો અને લાશો નજરે આવી. ખોવાયેલા અનાથ બાળકો રડતા-રડતા આમથી તેમ ભટકી રહ્યા હતા. પુત્ર વિનાની માતાઓ, પતિ વિનાની પત્નીઓ અને ભાઈ વગરની બહેનો કલ્પાંત કરી રહી હતી. તેમના રુદને અશોકને હચમચાવી મૂક્યો.

એટલામાં એક મહિલા બિલકુલ અશોકની નજીક આવીને કહેવા લાગી, "યુદ્ધમાં મારા પિતા, પતિ અને પુત્ર ત્રણેય વીરગતિને પામ્યા છે. હવે મારે જીવવા માટે કોઈ કારણ રહ્યું નથી. માટે મને પણ મૃત્યુદાન આપો !"

આ સાંભળીને અશોકનો રહ્યો સહ્યો ઉન્માદ પણ ઓસરી ગયો. એને મનમાં એક જ પ્રશ્ન આવ્યા કરતો હતો કે આ બધું શેના માટે ?

યુદ્ધ મેદાનમાંથી બહાર આવેલો અશોક બદલાયેલો અશોક હતો. ત્યારે એમની ઉંમર ૫૪ વર્ષની હતી.

યુદ્ધ પછી શસ્ત્રો હેઠાં મૂકી અશોક ધોલીની પહાડીમાં વિશ્રામ ફરમાવી રહેલા બૌદ્ધ સાધુ ઉપગુપ્તને મળ્યો. ઉપગુપ્ત અને બૌદ્ધધર્મના સતત સહવાસથી તેણે આત્મરક્ષા સિવાય

યુદ્ધ ન કરવાનું નક્કી કર્યું. 'ચંડાશોક' હવે 'ધર્માશોક' બન્યો. તેના દિગ્વિજયનો યુગ આથમી ગયો. અશોકના સામ્રાજ્યમાં અધ્યાત્મિક અને ધર્મવિજયના નવા યુગની શરૂઆત થઈ. કલિંગના યુદ્ધે માત્ર અશોકને જ નહીં, ભારતના ઈતિહાસ અને ભાવિને પણ બદલી નાખ્યું.

કલિંગના યુદ્ધ પછી અશોકે શાકાહારી જીવનશૈલી અપનાવી. એમણે બૌદ્ધ ધર્મના પ્રસારમાં પણ કોઈ કમી ના છોડી. પોતાના સંતાનો મહેન્દ્ર અને સંઘમિત્રાને બોધિવૃક્ષની ડાળી લઈ સિલોનમાં બૌદ્ધ ધર્મના પ્રસાર માટે મોકલ્યાં. આજે વિશ્વમાં જ્યાં પણ બૌદ્ધ ધર્મ દેખાય છે, તેના પાયામાં અશોકના પ્રયત્નો સમાયેલા છે. ખરો વિજય લોકોના હૃદય જીતવામાં છે, નહીં કે લડાઈઓ જીતવામાં ! બાકી, લડાઈઓથી તો દિગ્વિજયી મહાન સમ્રાટ અશોકને પણ શોક જ સાંપડ્યો હતો.



# મીઠી યાદેં

**જ્યારે** જાત્રામાં જવાનું હોય ત્યારે સેવાના દરેક ડિપાર્ટમેન્ટમાંથી અડધા લોકોને જવાનું હોય. બાકીના અડધા લોકો ડિપાર્ટમેન્ટ સંભાળે. બીજા વર્ષે બીજા અડધા લોકો જાત્રામાં જાય અને પહેલા લોકો ડિપાર્ટમેન્ટ સંભાળે. બ્રહ્મચારી ભાઈઓ-બહેનો માટે પુજ્ય નીરુમાએ આવું સેટ કરેલું, જેથી અહીં કામ પણ ચાલુ રહે અને વારાફરતી બધાને જાત્રામાં જવા મળે. બધા ડિપાર્ટમેન્ટ પોતપોતાનું લીસ્ટ મોકલાવે, પછી એ લીસ્ટ જાય નીરુમા પાસે. નીરુમા પોતે જૂએ કે કોણ આવે છે અને કોણ નહીં. એમાં નીરુમાને ફેરફાર કરવા જેવા લાગે તો કરે, કે આની બદલે આને લો વગેરે. એટલે ફાઈનલ ડિસીઝન નીરુમા કરે કે કોને લઈ જવાના છે અને કોને નથી લઈ જવાના.



આવું વર્ષ ૨૦૦૫માં કાશ્મીર જાત્રામાં જતા પહેલા બહેનોનું લીસ્ટ તૈયાર થઈને નીરુમા પાસે ગયું. બધા ડિપાર્ટમેન્ટનું જોતા ગયા. એમાં ઉણોદરીના નામ આવ્યા. ત્યારે ઉણોદરીમાં ચાર બ્રહ્મચારી બહેનો સેવામાં હતા. એમાંથી બે જણના નામ સામે ટીક કર્યું હતું કે આ બે આવે છે. નીરુમાએ બાકીના બે નામ સામે પણ ટીકમાર્ક કરી નાંખ્યું.

અને કહે, ‘આ ચારેયને લઈ જવાના છે. આ છોકરીઓ આખો દિવસ ઉનાળામાં તડકામાં છાપરાં નીચે કામ કરે છે, તો એ લોકોને બરફમાં લઈ જઈએ. કાશ્મીરની ઠંડી ખવડાવીએ.’

આમ નીરુમા નિયમ બનાવતા પણ એને અનુસરતી વખતે સંજોગોને ચોગરદમથી જોતા, ચકાસતા પછી નિર્ણય લેતા.

**આવા પ્રેક્ટિકલ હતા નીરુમા !!!**



# THE Little Chef

## ચોક્લેટ કોકોનટ બોલ્સ



### જરૂરી વસ્તુઓ



સુકા નાળિયેરનું છીણ – ૧ કપ

દૂધ – ૧ કપ

ખાંડ – પા કપ

કોકો પાવડર – ૧ ટી. સ્પૂન

ઘી – ૧ ટી. સ્પૂન



### બનાવવાની રીત :



૧. બધી જ વસ્તુઓ એક કઢાઈમાં ભેગી કરી ગેસ પર મૂકવું.

૨. મધ્યમ તાપ રાખી મિશ્રણ ઘટ્ટ થાય ત્યાં સુધી સતત હલાવવું.

૩. બોલ વળે એવું થાય એટલે ગેસ પરથી ઉતારી એક પ્લેટમાં કાઢી ઠંડુ થવા દેવું.

૪. ઠંડુ થાય એટલે તેના નાના નાના બોલ્સવાળી સુકા નાળિયેરના છીણમાં રગદોળવા.

દિવાળીના તહેવારની મજા માણવા તૈયાર છે ચોક્લેટ કોકોનટ બોલ્સ.

તમે જાતે બનાવી બધાને ખવડાવશો ને ?

ચિત્રમાં છુપાયેલી ૧૨ વસ્તુઓ શોધો



ચાલો રમીએ ના જવાબ :

સરવાળાને સાચો બનાવવા માટે ફક્ત ૧ મેચસ્ટિક ખસેડી આ પઝલ હલ કરો.



Akram Express

November 2020
Year : 13, Issue : 3
Conti. Issue No.: 147

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month



# દાદા ભગવાનની ૧૧૩મી જન્મજયંતી

## નિમિતે ખાસ KIDS માટે યોજાઇ રહી છે એક SPECIAL QUIZ CONTEST.

## જેનું નામ છે, 'દાદા સાથે ધમાલ' તો છો ને તૈયાર WINNER બનવા માટે?





જે QUIZ જીતશે તેમને મળશે પૂજ્યશ્રીના હાથે GIFT!!

# QUIZ!



1ST ROUND - 7 & 8 નવેમ્બર

2ND ROUND - 17 & 18 નવેમ્બર

3RD ROUND - 27 & 28 નવેમ્બર

તો દાદા ભગવાન સચિત્ર બુક ભાગ ૧ થી ૬ વાંચીને થઇ જાઓ તૈયાર.



અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.